# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ

કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,

રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ફેબ્રુઆરી–૨૪ | વર્ષ : ૬૦

વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::

વિરેન શાં. ધોળકીયા

મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




## ...એવું બને!...

શક્ય છે આખરે એવું બને,
ધારણા ખોટી ઠરે એવું બને!
ભૂલવામાં જેમને સદીઓ વીતે,
એ જ પળમાં સાંભરે એવું બને!
આપણો સંબંધ જર્જર થઈ રહ્યો,
પોપડું એથી ખરે એવું બને!
રોજ ખુલાસો તમે કરતા રહો,
રોજ શંકા પાંગરે એવું બને !
'રામ' લખીએ, પણ ન શ્રધ્ધા હોય તો,
પથ્થરો ના પણ તરે એવું બને!
ભેદ ભીતરના બતાવે આઈનો,
જાતથી માણસ ડરે એવું બને!
શબ્દ આજે શાંત છો ને લાગતો,
એ અચાનક વિફરે એવું બને!

- હિમલ પંડ્યા

### હસ કાં હસનાર દે !

## ભૂલકાં પરનો આપણો આતંકવાદ..

સમાજશાસ્ત્રીઓ અને નૃવંશ શાસ્ત્રીઓ આપણને જણાવે છે કે માનવબાળ છે, તેના શરીરનો વિકાસ ક્રમિક રીતે થાય છે અને પછી તેના મન-બુદ્ધિ વિકસવાના હોવાથી તેને પાંચથી સાત વર્ષ અવલંબન dependence અને care નીચે ઉછેરવું પડે છે. પ્રાણીઓ છે, બકરાંથી હિપ્પો સુધીના, તેમના બચ્ચાં વિકસિત જ જન્મે છે, એટલે તેઓ સ્વતંત્ર અને સ્વાવલંબી ઝટ થઈ જાય છે.

આ થી બાળકને પ્રેમ તો મળતો મળે પણ સામે બાજુ એનું શોષણ exploitation અને એના પર બળજબરી Autocracy એના જ પોતાના માણસો દ્વારા આચરવામાં આવે છે.

આ બળજબરી એક તો દેખીતી અને સ્થૂળ સ્વરૂપની હોય છે.

નહીં એટલે નહીં.

મનાઈ -બહાર જવાની, અમુક જગ્યાએ જવાની, નોટબુક લેવાની, દોસ્તો સાથે પિક્ચર જોવા જવાની વગેરે વગેરે  યાદી લંબાઇ શકે!

પરંતુ આપણે વાત કરવી છે, કેટલીક સૂક્ષ્મ અને પ્રછન્ન-છુપી બળજબરીની, જે જોહુકમી અને ત્રાસ રૂપ હોવા છતાં તે દેખાય છે બચ્ચાંના કલ્યાણની પ્રવૃતિ; કારણ કે એને ધર્મ સંસ્કૃતિ અને પારિવારિક સંસ્કારનો ટેકો હોય છે, બોલો!

હમણાં અમારા પડોશમાં ભાગવત સપ્તાહ બેસાડવામાં આવેલી કોઈના પડદા પછવાડે (લોકો પછવાડે કેમ ઉજવણી કરતા હશે; અગાડી કેમ નહીં?!): એમાં કૃષ્ણ જન્મોત્સવનો પ્રસંગ ઉજવાતો હતો.

હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી...

જોકે હાથી ઘોડા તો ક્યાંય દેખાતા નહોતા એક ઘેઘૂર દાઢીવાળા ભાઈએ માથા પર કરંડિયો ઉચકેલો ને એમાં બે વર્ષ જેવડા નાના છોકરાને ઉઘાડે ડીલે બેસાડ્યો હતો. ઢોલ ત્રાસાના કાનને બેરા બનાવતા અવાજની વચ્ચે એવા જ બેસુરા ઘોંઘાટથી ગવાતાં બેનોના ગીતો તરતાં હતાં. ભક્તિના આવેશમાં ફેંકાતા ફૂલ અને અબીલ ગુલાલ છોકરાની આંખો પર ઝીકાતા એ મૂંઝાતો હતો. ભાવવિભોર ભક્તાણીઓ બાળકૃષ્ણના ચરણ પર અત્યાચાર કરતા હતાં. તેનું તેમને કે કોઈ ને ભાનસાન ન હતું. નંદ પણ આનંદમાં જણાતા ન હતા. એ તો સારું હતું કે આ કળીકાળમાં કૃષ્ણ સાથે શેષનાગની છત્રછાયા રચવાનું કોઈને સૂઝ્યું ન હતું.

મેં ઘણાં પરાયણો અને કથા સપ્તાહોમાં નાનાં નાના બાળકોને મંચ પાસે તીરકામઠા અને મુગટનો ભાર વેઠી કલાકો ઊભા રહેવાની સજા ભોગવતા દીઠા છે. (અનુસંધાન પાના નં.૧૫ ઉપર)

# મૂલ્યનિષ્ઠ લોકસેવક : દેવેન્દ્રભાઈ દેસાઈ



**(શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈનું ૮૮ વર્ષની વયે તા. ૧૫/૨/૨૪ના રોજ અમદાવાદ ખાતે દેહાવસાન થયું.આજના સમયમાં સમાજને તેમના જેવા સત્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ મૂક લોકસેવક મળવા અશક્ય જણાય છે. દેવેન્દ્રભાઈની વિદાયથી સમાજ રાંક બન્યો છે. દેવેન્દ્રભાઈ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના અધ્યક્ષ તરીકે ગત વર્ષ સુધી સક્રિય રહયા હતા. ૨૦૧૧થી ૨૦૧૪ સુધી તેઓએ ખાદી કમિશનનું અધ્યક્ષ પદ શોભાવ્યું, ઉપરાંત સહકારી ડેરી,સહકારી બેંકમાં વિવિધ હોદ્દાઓ ઉપર આરૂઢ રહી સમાજના ઉત્થાન માટે નિઃસ્વાર્થભાવે મહામૂલું યોગદાન આપ્યું. તેમના દીર્ઘકાલિન લોકસેવા કાર્યો, સાદગી, કર્તવ્યનિષ્ઠા, અણિશુદ્ધ પ્રામાણિકતા,નૈતિક મૂલ્યો સાથેના દ્રષ્ટાંત રૂપ જીવનથી સૌને વાકેફ કરવાના ઉદ્દેશથી, આજથી દસ વર્ષ પહેલાં શ્રી ભદ્રાયુ વછરાજાની દ્વારા લિખિત અને પ્રકાશિત 'મુઠ્ઠી ઊંચેરાં ૧૦૦ માનવરત્નો' પુસ્તકમાંથી દેવેન્દ્રભાઈના જીવન અંગેના વિસ્તૃત આલેખનને અત્રે સાભાર અક્ષરસઃ પ્રકાશિત કરી રહયા છીએ. (તેઓએ લીધેલી આ ૧૦૦ મુલાકાત તેમની 'યુટયૂબ ચેનલ' ઉપર પણ ઉપલબ્ધ છે.) મુઠ્ઠી ઊંચેરા મહામાનવ એવા દેવેન્દ્રભાઈને શત શત નમન સાથે સમગ્ર જ્ઞાતિ વતી શ્રદ્ધાસુમન –તંત્રી)**

દેવેન્દ્રભાઈ જસદણ તાલુકાના દડવા મોટા મતવિસ્તારમાં જનતા દળના ઉમેદવાર હતા. સામેના ઉમેદવાર કોંગ્રેસના તાલુકા પ્રમુખ લેઉવા પટેલ. આમ જ વિસ્તારમાં એક પણ નાગર કુટુંબ નહીં. લેઉવા પટેલ બહુ મોટી સંખ્યામાં. જિલ્લા પંચાયતની આ બેઠકમાં તાલુકા પંચાયતના મોટા દડવા વિસ્તારમાં આ ચૂંટણી પૂરી થઈ ત્યારે દેવેન્દ્રભાઈ જંગી બહુમતીથી ચૂંટાયા હતા. બીજી વખત ચૂંટણી લડ્યા વિછીયા મતવિસ્તારમાંથી. ૮૦% થી વધુ મતદારો કોળી પટેલ અને માલધારી. નાગર મતદારો શૂન્ય! બહુમતીથી જીત્યા દેવેન્દ્રભાઈ! રાજકોટ જિલ્લા પંચાયતની પાંચ ચૂંટણી એમના સમયમાં થઈ. ત્રણમાં બિનહરીફ તો બેમાં સામા પૂરે જિંદગી મતો થી વિજયી થયા. દેવેન્દ્રભાઈ દેસાઈએ પેલી બે ચૂંટણીમાં કુલ રૂપિયા ૮૦૦ થી ૧૦૦૦ જ ખર્ચ કરેલું !

પિતાશ્રીને લેખન વાંચનનો ઝબરો શોખ. પોતાની અંગત બધી જ ભાષામાં પુસ્તકોની લાઇબ્રેરી. તે વખતે તેમાં ૫૦૦૦ થી વધુ પુસ્તકો. પિતાશ્રીએ તુલસીદાસ કૃત રામાયણનું સમશ્લોકી અને બીજાં હસ્તલિખિત પુસ્તકો પ્રગટ કરેલાં. દેવેન્દ્રભાઈએ બાળપણમાં રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથા 'ગ્રામલક્ષ્મી'ના ચાર ભાગ વાંચ્યા. ત્યારથી ગાંધી વિચારથી રંગાયેલ તેના પાત્ર અશ્વિન જેવી ગ્રામ સેવા ની ધુન લાગી. વાંચનનો જબરો શોખ એટલો કે રોજ ચાલીને લાખાજીરાજ લાઇબ્રેરી જાય. 'હરિજન બંધુ' નિયમિત વાંચે. તેમાં ગાંધી વિચાર મુજબના કામોમાં જોડાવાની ઉત્કંઠા ૧૯૫૧-૫૨ની સાલ હતી. ૧૭ વર્ષના દેવેન્દ્રભાઈને પિતાએ કોઈ કાગળ આપવા રાજકોટમાં ઢેબરભાઈ પાસે મોકલ્યા. સૌરાષ્ટ્ર રાજ્ય અને ગાંધી વિચારધારા અને વરેલા પ્રજાનિષ્ઠ લોકસેવકો. ઢેબરભાઈ પાસે છગનભાઈ જોશી બેઠેલા. બંનેને આ યુવાનમાં રસ પડ્યો. છગનભાઈએ હરિજન સેવક સંઘ અને ખાદી કામમાં જોડાવા યુવાન દેવેન્દ્રભાઈને સૂચન કર્યું. ત્યારે કોને કલ્પના હશે કે સમય જતાં આ દેવેન્દ્ર દેસાઈ ભારતભરના ખાદી અને ગ્રામોદ્યોગ

આયોગના અધ્યક્ષ બનશે?

છગનભાઈનું સૂચન સ્વીકારી દેવેન્દ્ર દેસાઈ ૨૦ રૂપિયા શિષ્યવૃત્તિથી રેંટિયો કાંતવા લાગ્યા. થોડો સમય કનુભાઈ ગાંધી પાસે રાષ્ટ્રીય શાળા રાજકોટમાં રહી તાલીમ વર્ગમાં જોડાય ને કંતાઈ- વણાટ શીખ્યા. બસ, ત્યારથી ખાદીનું ધોતિયું અને ઝભ્ભો ઉપર બંડી સાથે 'સાદા સાલીન દેવેન્દ્ર દેસાઈ' આજ સુધીની ઓળખ બની રહી.

વાસાવડમાં સાત ધોરણ. પછી મુંબઈની ગોકળીબાઈમાં એક વર્ષ. તેના આચાર્ય ત્રિકમભાઈ મર્ચન્ટ. શિસ્ત, વ્યાયામ, ખાનપાનની બાબતોના ચુસ્ત આગ્રહી. તેઓ કહેતા આપણું પેટ કે પોસ્ટ ઓફિસનો ટપાલ ડબ્બો નથી કે આવતા જતા તેમાં ટપાલ નાખવામાં આવે. નિયમિત નક્કી સમયે જ મીતાહાર લેવો જોઈએ. ત્યારથી દેવેન્દ્રભાઈને ફરવાની-વ્યાયામની -મીતાહારની આદત પડી ગઈ. મેટ્રિક બીજી ટ્રાયલે ચૌધરી હાઈસ્કૂલ રાજકોટથી નાગર બોર્ડિંગમાં રહીને કર્યું. બી.એ. ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી અર્થશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્ર સાથે કર્યું. કોલેજથી જ હું માથે બહુ ઓછા વાળ કે ટકો રાખતો. સફેદ ધોતી જામો અને પગમાં ચાખડી પહેરતો. સ્કૂલ કોલેજ પેદલ ચાલીને જવાનું! કોલેજ સવારની એટલે જમીને કોંગ્રેસ કાર્યાલયમાં, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિમાં અને ભૂદાન યજ્ઞ સમિતિના કામમાં મદદરૂપ થવા પહોંચી જતો. રાત્રે નવ વાગે ઢેબરભાઈ પાસે જવાનું. ઢેબરભાઈ ત્યારે મુખ્યમંત્રી. પંખા વિનાનું નળિયા વાળું મકાન. એક રૂમમાં નીચે જાજમ અને તકિયો ત્યાં મુલાકાતીને મળે. ત્યાં રાત્રે પ્રાર્થના થતી.

સૌરાષ્ટ્ર સરકારના ભૂદાન બોર્ડના વહીવટી અધિકારી તરીકે દાખલા રૂપ કામ કરનાર દેવેન્દ્રભાઈ જાહેર જીવનના આરંભકાળથી એક એક થી ચડિયાતી વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા છે. અનેક નાની મોટી જવાબદારીઓ વહન કરી મેળવેલો અનુભવ કારણરૂપ છે. ત્રણેક વર્ષ રાજકોટના 'ફુલછાબ' દૈનિકમાં જયમલભાઈ પરમારના તંત્રીપણા હેઠળ પત્રકારત્વનું પણ ખેડાણ કર્યું છે.

લૉનો અભ્યાસ ચાલતો હતો ત્યારે ટર્મ ગ્રાન્ટ થવાનો પ્રશ્ન આવ્યો. ઢેબરભાઈ પાસે ગયા. એમ હતું કે ઢેબરભાઈ ફોન કરી આપે તો કામ થઈ જાય. ઢેબરભાઈએ પ્રશ્ન પૂછ્યો : 'ભાઈ, આપણે લૉ ભણવું છે કે પછી લોકોની વકીલાત કરવી છે?' દેવેન્દ્રભાઈએ લૉ અધૂરું છોડ્યું અને પૂર્ણકાલીન લોકસેવામાં જોડાયા!

સક્રિય રાજકારણ છોડ્યા પછી દેવેન્દ્રભાઈ ખાદી રચનાત્મક સહકારી ક્ષેત્રે આગળ વધ્યા. રાજકોટમાં દૂધની ડેરી શરૂ થઈ એમાં એમનો સિંહ ફાળો. ઘણાય વર્ષો ચેરમેન રહ્યા. (યોગ્યતા ધરાવતા કેટલાય જ્ઞાતિબંધુઓને નોકરીમાં રખાવ્યા. જેઓ આજે પણ દેવેન્દ્રભાઈને યાદ કરે છે.) પોતાનો પ્લાન્ટ હોય તેવી સૌરાષ્ટ્રની આ એક માત્ર સહકારી ડેરી. (તેઓના પાયાના યોગદાનથી આજે વિશાળ આધુનિક પ્લાન્ટ સાથેની ગોપાલ અમુલ ડેરી) રાજકોટ જિલ્લા સહકારી બેંકમાં પણ સક્રિય ભૂમિકા. એમનું જાહેર જીવન ઉદાહરણરૂપ. કદી ખાનગી વ્યવસાય કર્યો નથી. ઓછી સગવડમાં જ ચલાવ્યું છે. રાજકોટના એક નવી સોસાયટીએ જાહેર જીવનની ત્રણ વ્યક્તિઓને વિનામૂલ્યે એક એક પ્લોટ આપવાનું નક્કી કર્યું. તેમાં દેવેન્દ્રભાઈનું પણ નામ. દેવેન્દ્રભાઈએ આભાર માનતા પત્રમાં સોસાયટીને લખ્યું કે, 'અત્યારે મારી પાસે

મારું મકાન છે જ, તેથી હું આ પ્લોટ સ્વીકારી નહીં શકું. કોઈ બીજાને ફાળવો તેવી વિનંતી છે...'આ નૈતિકતાના માલિક દેવેન્દ્ર દેસાઈ આજે ખાદી ગ્રામ ઉદ્યોગ કમિશનના ચેરમેન છે અને આ ચેરમેનશિપને તેઓ જીવનનો શ્રેષ્ઠ એવોર્ડ ગણે છે. સહકારશ્રી એવોર્ડ પછી નેશનલ એવોર્ડ અર્પણ કરવાના સમારંભમાં વડાપ્રધાન મનમોહનસિંહે દેવેન્દ્રભાઈને મંચ પર જતા રોકીને પોતે નીચે ઉતરી દેવેન્દ્રભાઈનો આદર કર્યો.

અંગત જીવનમાં પણ નોખા તરી આવે. માતાની ઈચ્છા કે જ્ઞાતિમાં જ લગ્ન થાય. કચ્છના કેળવણી કાર, હરિજન સેવક સંઘ, ગાંધી વિચારના અગ્રણી પ્રભુલાલ ધોળકિયાનાં પુત્રી હંસા સાથે સાવ જ સગાઈથી શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન થયાં. સૌ. હંસાબેન નામાવતરે ગાંધીજી ઊતરતા એટલે તેઓ જન્મથી ખાદી પહેરે છે. પત્નીને સાડી કે સાદો રૂમાલ કે ઘરેણું કશું જ આપેલું નહીં. પહેરામણી લીધેલી નહીં. નહીં કંકોત્રી, નહીં જાન, નહીં જમણવાર. રાજકોટ સત્યાગ્રહના ખાદીધારી વૈદરાજ શ્રી બાલુભાઈ વૈદ્યે ભૂજ આવી આશ્રમ પદ્ધતિથી લગ્ન કરાવેલાં. દેશના સુપ્રસિદ્ધ શરણાઈવાદક રાષ્ટ્રપતિ એવોર્ડ સન્માનિત સુલેમાન જુમ્માએ આંગણે શુકનના સૂર રેલાવેલા. એ પણ સસરાના સંબંધે! નાનપણથી આજ સુધી ૭૮ વર્ષે પણ રોજ સવારે ઘરની સફાઈ દેવેન્દ્રભાઈ જાતે કરે છે. સૌ હંસાબેન જાતે કપડાં ધુએ છે. દેવેન્દ્રભાઈના માથાના વાળ કુદરતી રીતે જ આજે કાળા છે, મોતિયો ઉતારવાની જરૂર હજુ પડી નથી, બત્રીસી સલામત છે. સવારે સાદો નાસ્તો અને રાત્રે સાદું ભોજન. વ્યાયામ- પ્રાણાયામ- સ્વૈરવિહાર નિયમિત. દેશના ઘરે ઘરમાં ખાદી પહોંચાડવા સિવાય કોઈ અંગત ઈચ્છા નથી. નાનાભાઈ ભટ્ટની જેમ જ કહે છે :: 'આ ઉજળાં કપડાં અને વ્યક્તિત્વ પર ડાઘ ન પડે મારી સાખ યથાતથ રહે અને લોકોની અપેક્ષાએ ખરો ઊતરું, તેજ માત્ર અંતિમ ઈચ્છા!' દેવેન્દ્રભાઈ અન્ય ગાંધીવાદી જેવા શુષ્ક નથી, કારણ, એ ખાદી કમિશનનું અમદાવાદની એન.આઇ.ડી. સાથે ડિઝાઇનિંગ ટાઈ અપ કરે છે, અને ખાદી માટે યુવાનને શોભે તેવી રેમ્પવોક પણ કરે છે. ખાદીની ખુદારીથી છલકતા આ આઠ દશકના યુવાનને 'શિવાસ્તે પંથાન' કહીએ...

---




**વડોદરા : મનીષભાઈ મહેતા, અમિતભાઈ નંદકિશોરભાઈ વૈદ્ય, મા. દેવાંગીની બેન બુચ, ૯૯ વર્ષ, માલીનીબેન કુંજબિહારીભાઈ દેસાઈ, જ્યોત્સનાબેન દિલસુખરાય બક્ષી ૯૧ વર્ષ, જસ્મીનરાય ચંદ્રમુખરાય વસાવડા, સૌ. ભારતીબેન ઉપેન્દ્રભાઈ વૈષ્ણવ ૮૦ વર્ષ, નિશાબેન અમિતભાઈ મજમુદાર ૫૮ વર્ષ, અમદાવાદ : પ્રખર ગાંધીવાદી, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પૂર્વ અધ્યક્ષ શ્રી દેવેન્દ્રભાઈ ર. દેસાઈનું અમદાવાદ ખાતે દેહાવસાન. ઉષાકાંતભાઈ હરખલાલ છાયા ૯૧ વર્ષ જમિયતભાઈ છેલ શંકર અંજારિયા ૮૨ વર્ષ,**

**રાજકોટ : ઉજવલ લલિતરંજન ધોળકિયા (નિવૃત્ત BOB) વિશ્વેશ હરીચંદ્રભાઇ છાયા (નિવૃત્ત SBI)62 વર્ષ /ગં. સ્વ. ઉર્મિલાબેન હર્ષવર્ધનભાઈ ઢેબર**

**જુનાગઢ ગં. સ્વ. હર્ષાબેન ભાઈચંદ્રભાઇ વૈષ્ણવ ૭૯ વર્ષ //નિખિલ વૈકુંઠરાય મહેતા મુંબઈ //**

**ગાંધીનગર : ઉમંગલત્તાબેન ઉમાકાન્તભાઈ છાયા // ઉપેન્દ્રભાઈ બુચ વીરનગર**

**ભાવનગર : રસેશભાઈ નરેન્દ્રરાય બુચ, //ભુજ : કમલેશભાઈ મળવંતરાય વૈદ્ય,**

# રાજકોટ ખાતે જ્ઞાતિ હિતાર્થે 'બિઝનેસ એક્સ્પો' તથા 'ટેલેન્ટ શો'યોજાયાં..

(૧) રાજકોટ ખાતે તા.૬ અને ૭ ડિસેમ્બરના નરસિંહ ફાઉન્ડેશન તથા શ્રી અ.વ.નાગર બોર્ડિંગ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિના વ્યવસાય સાહસિકોને પ્રોત્સાહન આપવાના હેતુથી 'હાટકેશ બિઝનેસ એક્સ્પો'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે પહેલીવાર થતા આ નવા પ્રયોગમાં બોર્ડિંગની વિશાળ જગ્યામાં ૪૦ સ્ટોલમાં શહેરના તથા બહારગામના હેન્ડીક્રાફ્ટ,આયુર્વેદ, નાસ્તા–કુકીગ,ડ્રેસ મટીરિયલ જેવા અન્ય વ્યવસાય કરતા આત્મનિર્ભર વ્યાવસાયિકો સામેલ થયા હતા.સ્ટોલની ફરતે મુલાકાતીઓ ફરીને જોઈ શકે તેવી જગ્યા,મધ્યમાં સ્ટેજ –જાહેરાતોના બેનર એનાઉન્સમેન્ટ, લાઇટ મ્યુઝિક,પોલ લાઈટીગ, સ્ટોલમાં અંદર બહાર કારપેટ તેમ કોર્પોરેટ કક્ષાના 'એક્સ્પોની 'ફીલ' આવતી હતી.શનિ–રવિની રજાઓને કારણે મોટી સંખ્યામાં આ પ્રદર્શનીની મુલાકાત લીધી હતી અને ખરીદી પણ કરી હતી.સાથે સાથે વચ્ચે ટેબલ ખુરશીની વ્યવસ્થા સાથે ફાસ્ટફૂડ,ચા–કોફી,કોલ્ડ્રીક જેવા ખાણી પીણીના સ્ટોલ પણ હતા,જેનો મોટી સંખ્યામાં મુલાકાતીઓએ લાભ લીધો હતો.આવા મનોરમ્ય માહોલમાં યોજાયેલ આ 'એક્સ્પો' સ્ટોલધારકો માટે પોતાના વ્યવસાયના પ્રચાર પ્રસારનું માધ્યમ બની રહયો હતો.

(૨) જ્ઞાતિના બાળકો યુવાનોમાં છૂપાયેલી કોઈને કોઈ કલા–પ્રતિભાને બહાર લાવી,પ્રોત્સાહિત કરવાના શુભ ઉદ્દેશથી તારીખ ૨૭ જાન્યુઆરીના રોજ નાગર બોર્ડિંગ ખાતે રાત્રે ૭:૦૦થી ૧૦ વાગ્યા સુધી 'હાટકેશ ટેલેન્ટ શો'નું આયોજન થઈ ગયું.જેમાં વિવિધ કલાઓનો શોખ ધરાવતા સાત થી સીત્તેર વર્ષના કુલ ૨૭ જેટલા કલાકારો(તેથી નામોલ્લેખ શક્ય નથી)એ પોતાની કલા પ્રદર્શિત કરવાની તક ઝડપી હતી.બોર્ડિંગના વિશાળ પટાંગણમાં વચ્ચેના ભાગમાં વિશાળ સુશોભિત સ્ટેજ,તેની આસપાસ ત્રણ બાજુ પ્રેક્ષકો માટે ખુરશીઓ, ચારે બાજુ ઝાકઝમાળ પોલ લાઈટીગના રંગારંગ માહોલમાં કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.ત્રણ નવોદિત પ્રતિભાવાન ઉદ્ઘોષિકા કુ. ત્વરા ઓજસ માંકડ,આરોહિ અજય વૈદ્ય,પ્રથા પ્રણવ બક્ષીએ કાર્યક્રમ સંચાલનનો દોર સંભાળ્યો.અને બાળ,કિશોર અને પ્રૌઢ વયના કલાકારોએ મીમીક્રી, ડાન્સ,શાસ્ત્રીય નૃત્ય,તબલા, કીબોર્ડ, કરાઓકે આધારિત ગીતો રજૂ કરી આશરે ૪૦૦ જેવી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ વિવિધ કલા અને પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો.વિશેષ નોંધ લઈએ તો, એક સમયના રંગમંચના કલાકાર, વિશેષ કલાની સૂઝ ધરાવતા 'ટેલેન્ટેડ' શ્રી જીજ્ઞાસુ માંકડે ચાર દિવસના 'રીહર્સલ' માં સતત હાજર રહી સ્ટેજ ઉપર રજૂઆત કેમ કરવી,મુક્ત રીતે ગીતો રજૂ કરવા સાથે થોડા ડાન્સ સાથે મોજથી ગાવા,કૃતિ પ્રમાણે વેશ પરિધાન જેવાં ઉપયોગી સૂચનો કરી ભાગ લેનાર (મારા સહિત)દરેકને પ્રોત્સાહન આપી આત્મવિશ્વાસ વધાર્યો હતો.અને ખરે જ દરેક રજૂઆતમાં તેની 'ઇમ્પેક્ટ' જોવા મળી હતી.અંતમાં જ્ઞાતિ હિતેચ્છુ–સેવક શ્રી જયેશ વસાવડા તરફથી દરેક કલાકારો,કાર્યક્રમ સંચાલકોને પોતાના ફોટા સાથેના 'કોફીમગ' સ્મૃતિ ભેટ તરીકે આપવામાં આવ્યા હતા.

આ બંને નવતર આયોજન બદલ શ્રી ઓજસ માંકડ તથા ડો.હેમાંગભાઈ તથા જહેમત ઉઠાવનાર સહુ કોઈ કાર્યકરો ધન્યવાદને પાત્ર છે! સાથે જ્ઞાતિના ઉત્સાહી અને સાહસિક યુવાન પ્રશાંત માંકડ પણ એટલા જ અભિનંદનના અધિકારી છે ! જેમણે બંને કાર્યક્રમના રૂબરૂ તથા સોશ્યલ મીડિયા દ્વારા પ્રચાર–પ્રસાર, આયોજન–વ્યવસ્થા, ક્રમ ગૂંથણી, એનાઉન્સમેન્ટ, સાઉન્ડ, રેકોર્ડીગ જેવી ટૂંકમાં સંપૂર્ણ જવાબદારી પોતે જ ઉપાડી બંને આયોજન સફળ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. જેમાં સતિષ મહેતા,મંથન માંકડે તથા શ્રીમતી સોનલ પ્ર.માંકડે પણ સાથ–સંગાથ આપ્યો હતો.

(કેટલાંક સૂચન : ૧. લગભગ દરેક ગામમાં યુવા સ્વયંસેવકોની ખોટ જણાય છે.જે માટે યુવા ટીમ તૈયાર કરવાની જરૂર જણાય છે. જે માટે કાર્યક્રમ હોય તે પહેલાં વ્હોટસએપના જ્ઞાતિના ગ્રુપમાં મેસેજ દ્વારા અગાઉથી જાણ કરી શકાય જેથી સેવા આપવા ઈચ્છતા બંધુઓ નિશ્ચિત સમયે હાજર થઈ જાય ૨. કાર્યક્રમમાં 'બેસ્ટ પરફોર્મન્સ' આપવા માટે સમય ફાળવી તાલીમ,પ્રેક્ટીસ,રિયાઝ જરૂરી છે તેમ મને પણ ભાગ લેતાં જણાયું. મિત્રો, ધ્યાન આપી હવે પછી શ્રેષ્ઠ આપીએ.૩.નાના શહેરોમાં દર રવિવારે કોઈપણ કલામાં રસ–શોખ ધરાવતા કલારસિકો સ્વાનંદ માટે નિશ્ચિત સ્થળે –સમયે સાથે મળીને પ્રેક્ટીસ કરી શકે અને સાથે જે તે કલામાં નિપૂણતા ધરાવતા બંધુઓ માર્ગદર્શન આપવા સમય ફાળવી શકે તો શ્રેષ્ઠ પરિણામ મળી શકે! જ્ઞાતિની જગ્યા હોય તો ગાયન,વાદ્ય,નૃત્ય વગેરેના વર્ગો પણ ચલાવી શકાય.–તંત્રી)



ભારતીય વિદ્યા ભવન મુંબઈ ખાતે, તારીખ ૭ ડિસેમ્બરના રોજ તાના રીરી ગુજરાતી સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન થઈ ગયું. જેમાં જુનિયર વિભાગમાં કુ. કાવ્યા વોરા (અમદાવાદ નાં હિમાલી તથા હિતાંશુ વોરાના પુત્રી) એ કવિ શ્રી ભાસ્કર વોરા રચિત 'અલી તારૂં હૈયુ કેસુડાનું ફૂલ' ગીત રજૂ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

આ સ્પર્ધામાં ૪૫૦ સ્પર્ધકો માંથી ૧૭ સ્પર્ધકો પસંદ કરવામાં આવ્યા હતા જેમાં કુ. કાવ્યા સ્થાન મેળવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સુગમ સંગીતના દિગ્ગજ કલાકારો સર્વશ્રી આશિત દેસાઈ, હેમા દેસાઈ, રેખા ત્રિવેદી તથા શ્રી સ્નેહલ મઝુમદાર હતા. નોંધપાત્ર છે કે કાવ્યાનાં માતુશ્રી શ્રીમતી હિમાલી વોરાએ ભૌતિકશાસ્ત્રમાં એમ.એસસી.ની પદવી મેળવી છે. પિતાશ્રી સ્વ. કૃષ્ણકુમાર વોરા બેંક મેનેજર હતા. દાદી ડો. નિરંજનાબેન વોરા ગુજરાત વિદ્યાપીઠમાં પ્રાધ્યાપક હતાં. જેઓએ દરેક ધર્મ ઉપર સંશોધન કર્યું હતું. બૌદ્ધ ધર્મ ઉપર પુસ્તકો પણ લખ્યાં છે. હિમાલીબેન રાજકોટ સ્થિત ડાકોરભાઈ ત્રિવેદીનાં ભત્રીજી થાય.

⌘ અમદાવાદ સ્થિત શ્રીમતી રંજનાબેન દિનેશભાઈ માકડે ગાંધર્વ મહાવિદ્યાલય આયોજિત સંગીત વિશારદની પદવી ઉચ્ચ ગુણાંક સાથે પ્રાપ્ત કરી છે. નોંધપાત્ર છે કે, કેન્દ્ર સરકારની ઉચ્ચ અધિકારી તરીકે નિષ્ઠાપૂર્વકની નોકરી તથા કુટુંબ કર્તવ્યોની વચ્ચે ધીરજ અને ખંતપૂર્વકની તેમની સંગીત સાધનાએ આ સફળતા અપાવી છે. વિશેષ બાબત છે કે તેઓએ અમદાવાદ કેન્દ્રના ૫૦% થી પણ ઓછા પરિણામમાં આ સફળતા મેળવી છે.



⌘ મોરબી સ્થિત કુ. મહેશ્વરીબેન અંતાણીએ ૬૪ વર્ષની વયે લખનો ઘરાના કથ્થક નૃત્યની વિશારદની પદવી ૬૭% ગુણ મેળવી હાંસલ કરી છે.

આ વિરલ સિદ્ધી બદલ અભિનંદન.

તેઓ સ્વ.વિદુલાબેન તથા સ્વ. પ્રેમસુખરાય અંતાણીનાં સુપુત્રી છે.

⌘ વડોદરા : ગુજરાત જન કલ્યાણ સમિતિ તથા રાષ્ટ્રીય એકતા પરિષદ દ્વારા નિબંધ સ્પર્ધા યોજાઈ ગઈ. જાણીતા હાસ્યકાર અને આયુર્વેદિક તજજ્ઞ ડો. રાજેન્દ્ર કે હાથીએ 'પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી ભારતના સર્વાંગી વિકાસ માટે આર્ષ દ્રષ્ટા' ઉપર નિબંધ લેખનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં, પ્રશસ્તી પત્ર તથા ભગવાન શ્રીરામના આકર્ષક ફોટાથી બહુમાનિત થયા

⌘ રાજકોટ : દર્શ ઉર્મિશ ધોળકિયા ડિસેમ્બર 23માં લેવાયેલ CA ફાઉન્ડેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

⌘ શ્રી મુકેશભાઈ દેસાઈએ જ્ઞાતિબંધુઓને ઔદ્યોગિક પ્રોવિડન્ટ કે પેન્શન અંગેનું કોઈ પણ કામ વિનામૂલ્યે કરી આપવા તૈયારી બતાવી છે. જે અંગે જ્ઞાતિજનો તેમનો M. 9426960129 ઉપર સંપર્ક કરી શકે છે.

## ક કહેવતનો 'ક'...

- સાત સાંધો ત્યાં તેર તૂટે
- દુકાળમાં અધિક માસ
- દુબળો જેઠ દિયરમાં દેખાય
- શ્રાવણ ઉતરે નહીં ને ભાદરવો બેસે નહીં
- ખાવાના સાસા ત્યાં પરોણાના વાસા
- ગજા વગરનું ગધેડુ ને વિરમગામનું ભાડું
- ખાળે ડૂચા અને દરવાજા મોકળા
- છાશ નો લોભ ને ઘીની મોકળ
- ઝાઝી સુયાણીએ વેતર વંઠે
- સાપ ગયા ને લિસોટા રહ્યા
- શેખાઈ શાહજાદાની ને કસબ ભાડભુન્જાનો
- દૂધનો દાઝેલો છાશ ફૂંકી ફૂંકીને પીવે
- નાની ભડકે દિવાળી મોટે ભડકે હોળી
- ખોટો રૂપિયો ખોવાઈ નહીં
- તાંબાની તોલડી ૧૩ વાના માગે
- નળ નીચે બેડું જોઈએ
- દુબળી ગાય ને બગા ઘણી
- જનોઈ એટલા બ્રાહ્મણ નહીં
- આ બધાનું ગોત્ર સરખું
- દાઝ્યા ઉપર ડામ
- જસને માથે જુતિયા
- પડતા ઉપર પાટુ
- બે હાથમાં લાડવા
- ધુમાડાને બચકા ભરીએ દહાડો ન વળે
- ડૂબતો માણસ તણખલું પકડે
- સાંકડા કપાળમાં ૧૬ ભમરા
- કરમ કઠણ અને કાયા સુવાળી
- ઉલટો ચોર કોટવાલને દંડે
- મફત ખાનાર ને મરક ઘણો
- છાનો કીડો ધીમા મરે
- મોસાળ જમવાનું ને મા પીરસે
- કરડે માંકડ ને માર ખાય ખાટલી
- પાડાને વાંકે પખાલીને ડામ
- ત્રીજને તેરસ વણ પૂછ્યું મુરત
- આનું કરવા ગયો અને વહુ ને ભૂલી આવ્યો
- વેચાતો કર્યો વહેરવો નહીં
- ચતુરની ચાર ઘડી ને મૂરખના જન્મારા
- જીવતાં રોક્યા કાળજાં ને મુએ
- જોગીને વ્હાલાં તુંબડા ને ભોગીને વ્હાલાં ભોગ
- શેઠની આગળ અને ગધેડાની પાછળ કદી ન જવું
- માખી મંકોડો અને મૂરખ નર સદા રહે લપટાઈ
- ભ્રમર ભોરીંગ ને કપટી નાર કરડે ભાગી જાય
- રામને રળવું નહીં, સીતાને દળવું નહીં
- એરણની ચોરી ને સોયનું દાન
- ભવની રેસ ને સાસુનો સંતોષ
- અન્ન આહારે થી વ્યવહારે
- એ ઢેકું ભાંગીને ધૂળ કરી
- ભાગ્યશાળીને ભૂત રળે
- પાણી વલ્લવવું ને ઘી માટે રાહ જોવી
- હાટડી નાની ને હરકત મોટી


- હરદેવભાઇ માંકડ -ઉ.વ.૯૫- જામનગર

# ચાળ

ચાળ... આ શું આ કંઈક જુદુ લાગ્યું નહીં ! પણ ભાઈ ચાળ એટલે ચાળણીથી ચાળવાની વાત નથી. ચાળ બીજા અર્થમાં પણ વપરાય છે.

નળિયાવાળા ઘર હોય,આખું વર્ષ તેના પર ઝાડ પાન ખરે, ધૂળ ચડે,પક્ષી ચરક નાખે અને જો એમાં વરસાદ પડે તો ઘરમાં ચૂવાક થતો હોય તો ગંદગી પડે ,એટલે દર ચોમાસે પહેલા નળિયા ચળાવવા નું કામ હોય છે .આને માટેના ખાસ માણસોને બોલાવાય. તેઓ છત પર ચડીને એક એક નળિયુ હાથમાં લઈને સાવરણીથી સાફ કરે ને પછી પાછું ગોઠવી દે.

ચાળનો હવે બીજો અર્થ...આ ચાળનો તો એક જમાનો હતો .ઘણા તેને પાણી પાટલા પણ કહે છે . આ ચાળ એટલે જમવા બેસવા પહેલાની તૈયારી. ભોજન માટે સંપૂર્ણ તૈયારી પાટલા મંડાય. પાટલા માંડ્યા પછી બાજુમાં એક ઢીચણિયું પણ હોય જે લોકો પૂરી પલાઠી વાળીને બેસી ન શકતા હોય અને એકાદ ધૂંટણ ઊંચો રહેતો હોય તો ધૂંટણની નીચે ઢીચણિયું રખાય. દરેક પાટલા ની વચ્ચે નાના મોટા કળશિયા લોટા અને ગ્લાસ મુકાય .મુખ્ય પાટલા ની બાજુમાં નાની નાની વાટકીઓ વાળી થાળી મુકાય તેમાં આદુ ની કટકી, હળદરની કટકી મીઠું, લીંબુના ચોથીયા ,ખાંડ મુકાય. અને હા જો તુવેરની દાળ હોય તો વાટકીમાં મરીનો ભૂકો જરૂર મુકાય. અને આ ચાળ કોઈ મહેમાન આવે ત્યારે તો મુકાય પણ ફક્ત ઘરના સભ્યો જમવાના હોય




તો પણ દરરોજ જમવાની તૈયારી આ પ્રમાણે થાય અને ચાળમાં જો કંઈક અધૂરું હોય તો પુરુષોની વઢ સાંભળવાની તૈયારી બૈરાઓએ રાખવી પડે . વાટકી વાળી થાળી બધા ફેરવતા જાય અને જોઈતી વસ્તુઓ તેમાંથી લેતા જાય એ પછી જેટલા સભ્યો જમવાના હોય એટલા થાળી વાટકા મુકાય હાથેથી જમવાનું એટલે ચમચી ના હોય.પછી બધાને પાટલા પાસે થાળી મુકાઈ જાય. રસોડામાંથી પીરસણીયો એક એક વસ્તુ બધાની થાળીમાં મુકતો જાય એ પછી મેં આગળ કહ્યું તેમ પૂરી થાય.કંડ કરાય એ પછી અપોષણ મુકાય. અપોષણ એટલે એટલે ઘી વાળા ચોખા અને ક્યારેક રોટલી વગેરે ત્રણ ઢગલી જમીન પર થાળી પાસે કરાય. હથેળીમાં પાણી લઈ ત્રણ વખત એ પાણી ઢગલી ફરતે રેડાય અને ચોથી વાર પોતે પાણીનું આચમન કરાય. આ કામ ફક્ત ઘરનો મુખ્ય પુરુષ કરે .આ અપોષણ એ કદાચ દેવોને કે પિતૃઓને અર્પણ કરવાનુ હોઈ શકે .પછી બધા જમવાનું શરૂ કરે ...

(અનુસંધાન પાના નં.૧૨ ઉપર)

## રત્ન કણિકા :

- અપેક્ષાની થતી ઉપેક્ષા કૂડ પેદા કરે છે અને કૃત સૌમ્યતાનું બલિદાન લીધા વિના રહેતો નથી.
- નિંદાને સ્વસ્થતાથી સાંભળો તેમાં જેટલું સાચું હોય એને સુધારો અને ખોટું હોય એની ઉપેક્ષા કરો.
- માણસે પોતાનું સુખ વસ્તુઓની વહેંચી દીધું છે.
- ભૂલ કરનારને માફ કરી દેવો સહેલો છે, પરંતુ ભૂલ કાઢનારનો ઉપકાર માનવો તો બહુ જ કઠિન છે.
- દયા અને ક્ષમા એ માનવ ધર્મનો અર્ક છે.
- ક્ષમાથી જ સઘળું જગત પ્રસન્ન થાય છે.
- જેનો પ્રેમ સર્વોત્તમ એની પ્રાર્થના સર્વોત્તમ.
- પ્રાર્થના નમ્રતા ની પુકાર છે અને આત્મનિરીક્ષણ અને આત્મસ શુદ્ધિનું આહવાન છે.
- જેની જીભ નની એનું કામ મોટું, જેની જીભ મોટી એનું કામ નાનું.
- હળવાથી કહેશો તો કોઈની જોડે કડવાશ નહીં થાય.
- અહં તો બધાને હોય છે પરંતુ નમે એ જ સંબંધોનું સાચું મહત્વ.
- અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશક્તિ તેની માતા.
- ઘરના સભ્યોનો સ્નેહ ડોક્ટરની દવા કરતા વધુ લાભદાયી હોય છે.
- મહેનત એ એવી સોનેરી ચાવી છે, જે ભાગ્યના દ્વાર ઉઘાડી નાખે છે.
- નિષ્ફળતા મળે તો હિંમત રાખજો, સફળતા મળે તો વિનમ્રતા રાખજો.
- મસ્ત રહો, વ્યસ્ત રહો, અલ મસ્ત રહો પણ અસ્તવ્યસ્ત ન રહો.
- કહેવાથી હળવું થાય, પણ સહેવાથી ઓગળી જાય તેનું નામ દુઃખ.
- આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું સારું.



- ડાકોરભાઈ ત્રિવેદી- રાજકોટ.

---

**પ્રભુતામાં પગલાં :**

■ જામનગર સ્થિત સૌ. અંજલી તથા શ્રી રાજેન્દ્ર દિનકરરાય ઓઝાના પુત્ર ઉત્કર્ષના શુભલગ્ન જુનાગઢ સ્થિત સો માધવીબેન તથા શ્રી મયુરભાઈ દિવ્યકાન્તભાઈ વસાવડાનાં પુત્રી ધરતી સાથે.

■ જામનગર સ્થિત સૌ. હિતાર્થી તથા શ્રી ધીરેન દિનકરરાય ઓઝાના પુત્ર ઉજ્જવલનાં લગ્ન રાજકોટ સ્થિત સૌ. પાયલબેન તથા શ્રી ઉદયભાઈ ઉપેન્દ્રભાઈ માંકડનાં પુત્રી અક્ષિતા સાથે.

■ ગાંધીનગર સ્થિત સૌ. હીના તથા શ્રી કેદાર ભદ્રકાંતભાઈ ધોળકિયાના પુત્ર ધૈવતના શુભલગ્નરાજકોટ સ્થિત સૌ. જાહ્નવીબેન તથા શ્રી વિજયભાઈ માકડના પુત્રી મનાલી સાથે.

■ સૌ. કૃતિકા તથા શ્રી શ્રેયસ ત્રિવેદીના પુત્ર કૃતાર્થના શુભલગ્ન સૌ. ઉત્તરાબેન તથા શ્રી ડો. જયભાઈ અંજારિયાના પુત્રી ડો. રિયા ભુજ ખાતે થયાં.

# હરમાળાના કેટલાક વિશિષ્ટ તત્વો

આધ્યાત્મિક ક્ષેત્રે કેટલાક સાધુ સંતો થઈ ગયા. તેમાં કેટલાક સાધુ સંતોએ સંસાર અસાર જોયો, તે નરસિંહ મહેતાએ સંસારમાં પણ સાર જોયો અને સંસારમાં રહી બેવડી જવાબદારી નિભાવતા નરસિંહ મહેતાની બંને જવાબદારીમાં શ્રેષ્ઠ ભૂમિકા રહી. ઘર સંસાર અને ભક્તિ અરસપરસના સહારે કોઈ પણ સાધુ સંતો કરતાં તેની ભક્તિથી લક્ષ્મીનારાયણ પ્રસન્ન થયાના દાખલા ઓછા જોવા મળે છે. સમયનો પ્રવાહ અવિરત ઝરણાની માફક વહેતો રહે છે. માનવ સહજ પ્રકૃતિ દરેક સમયમાં જોવા મળી છે, રાગ દ્વેષ ઈર્ષા અદેખાઈ તે સમયમાં પણ હતાં. નરસિંહ મહેતાની ભક્તિ વિશે અનંતપ્રસાદભાઈ વૈષ્ણવના શબ્દોમાં...



પેલી ભૂલ મથ્યા શૈવ મહેતા
બીજી ભૂલ વૈષ્ણવ વેશે રહેતા
ત્રીજી ભૂલ ન જગ સુખ ચાહતા
ચોથા હરિ ગુણ ગાતા.

દ્વેષીઓથી આ સહન ન થયું. આ દ્વેષીઓ સાથે મળીને નરસિંહ મહેતાના ટાઈલાવેડા (જે દ્વેષીઓ માને છે) સહન ન થતાં મહેતાએ અધર્મ માંડ્યો છે, ભંગ કરે છે વગેરે વગેરે રાજાને ફરિયાદ કરી. રામાંડલીક તે વખતમાં હિન્દુ રાજાએ હુકમ કર્યો કે બધાની વચ્ચે ભગવાન હાર પહેરાવે તો મહેતા ની ભક્તિ સાચી!

હારનો આ પ્રસંગ છેલ્લો હિન્દુ રાજા રામાંડલિકના દરબારમાં સંવત ૧૫૧૨ માગસર સુદ સાતમે બન્યો હતો. યોગાનુયોગ માંગરોળમાં પણ રણછોડરાયજીનું પ્રાગટ્ય માગસર સુદ છઠના રોજ થયું હતું.

૧૮૨૫ સંવત સુરત સોરઠ મૂળ ફારસીમન ઈ.સ.૧૮૮૧ જૂનાગઢના માજી દિવાન રણછોડજી દીવાને લખી છે જેનો અનુવાદ જેમ્સબર્ગેસે (પૂરાતત્વવિદ) કર્યો છે.

Inspite of beholding so evidence miracles Raja Mandlik prohibited Narsi Mehta from propagating the Vaishnav sat.

If Hazrat Damodarrai will take of from his own neck and flower garland and give it to this Nagar we will leave him he is own ways.

Mehta Narsinh obliged garland in samvat 1512 and for the crime insulting so innocent a worshiper of the Mandlik dignity lost the throne forever.

રામાંડલીક નો રાજકાળ સંવત ૧૪૮૯થી ૧૫૨૯ હતો. આ રા મંડલીક રાજા પમો હતો. મહંમદ બેગડાએ રા મંડલીક પાંચમાને મુસલમાન બનાવ્યો અને તેના દીકરાને તેનું રાજ આપ્યું હતું. તેઓ રાયજાદા કહેવાયા.


નરસિંહ મહેતાને ભગવાનની સૂચના હતી કે જરૂર પડે રાગ કેદારો ગાશો તો કામ થઈ જશે, પરંતુ રાગ કેદાર મેતાજીએ કોઈ કામ સંબંધ ગીરવે મુકેલ છે,એટલે ગાઈ શકતા નથી. કુંવરબાઈ અને તેની સખીને આ ચિંતાયુક્ત માહોલ વચ્ચે છેવટે કુંવરબાઈ અને તેની સખીઓ પ્રભુને વિનંતી કરે છે. આ પ્રસંગમાં મહેતાજી સારી રીતે વિનંતી કરે છે..આ વિનવણીમાં ક્યાંક મરાઠીની છાંટ પણ આવે છે. તેમાં

દેવા હમચી વાર કા બધિર હોઈલા,
આપુલા ભક્ત કા વિસરી ગેલા.

('માર્ગે મળ્યા મોતી'માં નિરંજનાબેન શ્વેતકેતુ વોરા)

આગળ જણાવ્યું તેમ મહેતાજી સાંસારીક અને આધ્યાત્મિક ક્ષેત્રે જવાબદારી નિભાવતા હતા. કુવરબાઈ ત્યાં હતાં, તેમને સાસરે જવાનું સૂચન કરતાં અનંતપ્રસાદ ભાઈના શબ્દોમાં :

કુંવર લાડકી સાસરે સીધાવો રે
મરશે તાત થતાં પ્રાતઃ નૃપ જરૂર
કરશે ઘાત અવસર એ આવ્યો રે
નિર્ધન પેટ તું પ્રગટી દુખિયારી રે
નગરી નાત કરશે વાત
રોઈશ કદી દિવસ રાત
નહીં ઓલુ હૈ વારી રે



એમ કહેવાય છે કે અજમેર પાસેના કિશનગઢના રાજા પાસે નરસિંહ મહેતાનું કુંવરબાઈની ચાર સખીઓનું વરમાળાના પ્રસંગનું એક ચિત્ર છે.

નરસિંહ મહેતાની કથા સાથે જોડાયેલ રામાંડલિક અને મહંમદ બેગડો સમકાલીન હતા. સુલતાન પરંપરાનો એ છઠ્ઠો બાદશાહ (૧૪૫૮-૧૫૧૧) હતો. સૌરાષ્ટ્રમાં મુસ્લિમ શાસનનો પ્રારંભ તેનાથી થયો. વિશાળ દગાથી જૂનાગઢને બેગડાએ જીતી લીધું. જુનાગઢનું નામ 'મુસ્તફાબાદ' પાડ્યું. રામાંડલિકને 'ખાન જહા' નામ આપ્યું. અમદાવાદમાં મૃત્યુ થતાં ચાંલ્લા પોળની કબરમાં દફનાવવામાં આવ્યો.

નરસિંહ મહેતાની ભાવાત્મક ઊંડી ભક્તિ, શ્યામ સાથેની આત્મીયતાએ જીવનના ઝંઝાવાતો, સમાજના તીવ્ર અવરોધ વચ્ચે, ઈશ્વર સાથેનું તાદાત્મ્ય વિશ્વ સમક્ષ મૂકી શ્રદ્ધાની જ્યોત જગાવી.

- પિનાકી સૂર્યશંકર શુક્લ- રાજકોટ. (M. 93130 51458)

---

(પાના નં.૯નું ચાલુ)

અને હા એક શબ્દ "આગમાળુ"!! આ આગમાળુ એટલે આપણે દાળ ભાત ભેગા કરી ખાઈએ ત્યારે તેમાં ઘી નખાય પીરસણીઓ ભાત આપીને ભાત પર ઘી નાખવા માટે આવે અને જો તુવેરની દાળ ભાત હોય તો મરી પણ નખાય આ બંને વસ્તુઓ નાખવાથી તેનું વ્યવસ્થિત પાચન થઈ જાય એવું કહેવાય.

,હું એમ માનું છું કે આપણી નવી પેઢી એ આ બધું જાણવું જોઈએ આપણા પૂર્વજો વડીલો કેવી રીતે જીવતા હતા તેમની જીવનશૈલી જાણવી જોઈએ વિજ્ઞાનની દ્રષ્ટિએ જોવો તો પણ તેમાં સ્વાસ્થ્ય અને વિજ્ઞાન ચોક્કસ જોવા મળે. આયુર્વેદ નિષ્ણાત ડોક્ટર ધૈવત વોરા એ જણાવ્યું કે કે કંડ કે કંડ નો ધુમાડો વાતાવરણના કેટલાક વાઇરસ જીવાણુઓનો નાશ કરે છે એટલે આ વિજ્ઞાન રીતી રિવાજ ઉપયોગી છે અને દરેકમાં કાંઈને કાંઈ સ્વાસ્થ્ય લક્ષી માહિતી હોય છે

"ભરી લો મન મસ્તકમાં આ સ્મરણો કે પછી આ દ્રશ્યો જોવા મળે કે ના મળે"

- યશોધરાબેન બક્ષી


# વિચાર....

'વિચાર' એ માનવ હોવાનું સર્થક્ય છે. કદાચ પૂર્ણ પ્રાણી જગતમાં માનવ જેટલાં વિચાર કરે છે એટલા કોઈ અન્ય પ્રાણી નથી કરતુ! કારણ સાદું છે. માનવ પાસે કલ્પના છે. જે નથી તે જોવાની અથવા તેનો કાલ્પનિક આચાર રચવાની ક્ષમતા છે.

માણસ પાસે અગણિત ઈચ્છાઓ છે. તે પણ તેની કલ્પનાનું પરિણામ છે. પણ, આને કારણે માણસ સતત વિચારોમા ડૂબેલો કે અટવાયેલો રહે છે. વિચાર શૂન્ય અવસ્થા અસંભવ છે!

ધ્યાન એ વિચાર શૂન્યતા તરફની ગતિ છે. પણ, તેમાં પણ શ્વાસ પર, જ્યોત પર, મંત્ર પર કેન્દ્રિત થવું પડે છે. અર્થાત તે વિચાર શૂન્યતા નથી પણ વિચાર કેળવવાની સ્થિર કરવાની પ્રક્રિયા છે!

વિચારમાંથી સહજ સમૂહ જીવનની ઈચ્છાને કારણે 'વિચારધારા' જન્મે છે! એને અનુસરનારો સમૂહ રચાય છે. તમામ ધર્મો માનવીય વિચારો ને પરિણામે છે. તમામ રાજકીય વાદ વિવાદ પણ વિચારો ને કારણે છે.



એક ગોડસે ગાંધી હત્યા કરી શકે છે પણ ગાંધી વિચાર આજે પોણી સદી બાદ પણ ચર્ચાતો રહે છે. પ્રેરણા આપતો રહે છે. છેક હમણાં થયેલા હોંગકોંગ ના આંદોલનમા પણ ગાંધી હાજર હતા! વિચારને મારી શકતો નથી,

હા, તે કાળ ક્રમે ક્ષિણ, અપ્રસ્તુત થઇ ખોવાઈ જાય એમ બને!

વિચાર કરવા જોઈએ,

તે આપણા માનવ હોવાની નિશાની છે,

વિચાર ભેદ હોવો જોઈએ તે આપણા પોતાના અસ્તિત્વની સાબિતી છે.

વિચારભેદ સહન કરવાની શક્તિ તે વિવેક છે અને પરિપકવતા છે!

- મેહુલ ભટ્ટ, અમદાવાદ. (M. 9979893329)

# વિચાર સંયમની સાધના

આપણે વિચારવંત પ્રાણી તો છીએ, પરંતુ જો આપણા વિચારો સારા, સંસ્કારી, પરોપકારી હશે તો તેના અમલ થકી જીવન સુંદર, સાચી દિશા સાથે આનંદીત, સંતોષકારક હશે, જે માટે આપણે જે કોઈ કાર્ય કરતાં હોઈએ તેમાં મગ્ન થતાં સારા વિચારોને જ આવકારવા. જો કુવિચારો આવશે તો, એ કાર્ય કાં તો કરી જ નહીં શકીએ અથવા કદાચ કરીશું તો તેનું પરિણામ સારું નહીં જ આવે. આપણે વિચારરહિત તો રહી શકવાના જ નથી.

આ સંદર્ભે ઋગ્વેદનો એક મંત્ર જોઈએ તો - અપહિ મનસસ્પતેય પરો નિરુત્યા આચસ્વ બહુધા જીવતો મન:

અર્થાત - હું મારા કુવિચારોને હંમેશા દૂર રાખી, તેનાથી મારો વિનાશ નહીં કરું, મારા મનની શક્તિ અપાર છે, તેને બરબાદ નહીં થવા દઉં. બસ, આપણા જીવનની આ કામના હોવી જોઈએ. તો જ આપણે કોઈપણ કાર્ય, ધ્યાન, સાધના સારી રીતે અને સંપૂર્ણ રીતે કરી શકીશું. યાદ રાખવા જેવું છે કે ધ્યાનનો અર્થ માત્ર એકાગ્રતા નથી પરંતુ શ્રેષ્ઠ વિચારોમાં અથવા જે કાર્ય કરતા હોઈએ તેમાં આપણે તન્મય થઈ જઈએ. આ જાગૃતતાની વાત છે કારણ આપણા મન મતિ સારા કરતા ખરાબ વિચારોમાં વ્યસ્ત ગ્રસ્ત રહેતા હોય છે. સારા વિચારો માટે સત્સંગ, સાચા ગુરુના આદર્શોના પાલન, ગ્રંથો શાસ્ત્રોના અધ્યયન ઘણા ઉપયોગી થાય છે, વિચાર એક સ્વયમની સાધના છે, જે થકી સુવિચારો કે વ્યર્થ વિચારો આવતા બંધ થશે, બાકી તો આપણે એક બિલાડીની રોજ રોજ સાર સંભાળ લીધા કરીએ અને ત્યારબાદ એક દિવસ તેને આપણા ઘરથી દૂર છોડવા જઈએ તો એ તુરત જ આપણી પાસે આવશે જ અને આપણને છોડશે નહીં એવું જ આપણા અન્ય ભી વિચારવાનું છે તેનું વિચારી સેવન કર્યા કરીશું તો તેને ગમે તેટલો પ્રયત્ન કરીશું તો પણ એ આપણો કેળો છોડશે નહીં.

- જસ્મીન દેસાઈ ‘દર્પણ’ રાજકોટ. (M. 94283 49812)

# મનની શાંતિ

A practical way to achieve the peace of mind.
મનની શાંતિ એ સૌથી મોટી ઉપલબ્ધી છે.

મનની શાંતિ માટે વર્તમાનમાં રહેવું અતિ આવશ્યક છે.વર્તમાનમાં રહેતાં એકાગ્રતા સધાય છે. એકાગ્રતા એ જ સફળતાપૂર્વક જીવન જીવવાની ચાવી છે.

Concentration is the essence of successful life!

**વર્તમાનમાં રહેવાની પ્રક્રિયા:**

1).જે દૈનિક ક્રિયા કરો તે શરૂઆતમાં મનમાં ત્રણવાર રિપીટ કરો અને પછી શરૂ કરો.

જે ક્રિયા કરો "તે ક્રિયામાં રહો" (ઉઠવું,બેસવું જમવું,વાહન ચલાવવું વિગેરે નાની ક્રિયામાં પણ) અને શક્ય હોય તો બેકગ્રાઉન્ડમાં ઇષ્ટ દેવી/દેવતાનું નામ રટતા રહો.

Adopt: Work is Worship. અને,..

2).સતત ઇષ્ટ દેવી/દેવતાના નામનું રટણ કરવાથી આપોઆપ વર્તમાનમાં રહેવાય છે,એકાગ્રતા સધાય છે,ઈશ્વરમાં વિશ્વાસ દ્રઢ થાય છે,આત્મવિશ્વાસ વધે છે અને પ્રેરણા મળતી રહે છે કારણકે-

1).उपद्रष्टा अनुमन्ता च,भर्ता भोक्ता महेश्वर: |

परमात्मा इति च अपि उक्त:,देहेस्मिन पुरुष: पर:||(गीता:१३.२२).

2).अनन्या: चिन्तयंतो माम,ये जना: पर्युपासते|

तेषाम नित्य-अभियुक्तानाम,योगक्षेमम वहाम्यहम|| (गीता:९.२२)

- દિપક બુચ-" dp ",અમદાવાદ.(M.9427616511)

(પાના નં.૨નું ચાલુ)

પાકા મેકઅપથી ચળકતા

ઉપસેલા હનુમાનજીની આંખમાં રામભક્તિના નહીં પણ પીડાના આંસુ ચમકતાં!

કોઈ પરિવારમાં સાવ નાના ભૂલકાંના વાળ ઉતારવાનો રિવાજ હોય છે, તે બધા અસ્તરા શસ્ત્રાના ઘા અને ઘસરખા સહે છે, તો અમુક કુટુંબમાં વર્ષો સુધી વાળ ન કપાવવાનો, લંબાવ્યે રાખવાનો રિવાજ છે. વાળ સાથે નોર્મલ વ્યવહાર કોઈ કરતું દેખાતું નથી. બિચારા બચ્ચાં સાથે તો નહીં જ નહીં!

નવી પેઢી, જેને જનરેશન નેક્સ્ટ તરીકે ઓળખવામાં આવે છે, તે કોમ્પ્યુટર અને મોબાઇલધારી મોર્ડન્સ છે, તેણે ભૂલકાં પ્રત્યેની આવી જોહુકમી તો ચાલુ જ રાખી, પણ તેમાં એક નવો આતંક ઉમેર્યો, અને તે છે 'હેપી હેપી બર્થ ડે!' નો

મને તો હેપીનેસના આ ઉંન્માદનો બદલો મોટા થઈને આ બચ્ચા કેવી રીતે લેશે તે ખ્યાલથી ધૃજી જવાય છે. પાછો અત્યાચાર વર્ષે વર્ષે તો હોય તો એ ગનીમત! આતો મહિને મહિને સિતમનું પુનરાવર્તન : મો સામે મોબાઈલ ધરી રાખવો, સ્ટુડિયોના ભડકા જેવાં તેજ આંખમાં રેડવા, પોઝની વિવિધતા માટે રૂ જેવાં બચ્ચાંને આમતેમ ઉછાળવા; બીજા અગણિત ત્રસો..

અને તેય એની ખુદની સંમતિ વગર!

ના, આ ન ચાલે.

સ્વસ્થ અને શાણા સમાજનું લક્ષણ નથી. આપણી સંસદે કાયદો પસાર કરવાની જરૂર છે કે, બાળક સાત વર્ષનું થાય, સમજુ થાય, પુખ્ત થાય તે પછી જ તેની સંમતિથી જાહેરમાં તેના બર્થ ડેના ઉત્સવની ઉજવણી કરી શકાશે. તે પહેલાં પરિવારની બહાર આવો પ્રસંગ ઉજવનાર સામે કાયદેસરના પગલાં લઈ શકાશે.

---

## જાણવા જેવું..

૧. ચા પીવાની શરૂઆત ચીનના લોકોએ પ્રથમ કરી હતી.૨. પહેલું છાપખાનું ચીનમાં શરૂ થયું હતું.
૩. ફ્રેન્સના લુઈ બ્રેઇલે અંધજનો માટે ઉપસાવેલા અક્ષરો તથા નિશાનીઓ શોધી કાઢી.
૪. અમેરિકાને સ્વતંત્ર રાજ્ય ૧૭૭૬ની ૪ જુલાઈએ કરવામાં આવ્યું હતું.૫. પહેલું વિશ્વ યુદ્ધ ૧૯૧૪ ના ઓગસ્ટ ૪ થી શરૂ થયું અને ૧૯૧૮ નવેમ્બરના ૧૧ મી તારીખે પૂરું થયું હતું.
૬. હિન્દુસ્તાનમાં પહેલ વહેલી રેલ્વે, કલકત્તા થી મીરઝાપુર અને મુંબઈથી કલ્યાણ સુધી ૧૮૫૩ ના એપ્રિલમાં શરૂ કરવામાં આવી હતી. ૭. દુનિયાનો સૌથી ઊંડો અને સૌથી મોટો મહાસાગર પેસિફિક મહાસાગર છે. ૮. સૂર્યના પ્રકાશને પૃથ્વી પર પહોંચતા આઠ મિનિટ લાગે છે.
૯. શૂન્યની શોધ ભારત દેશે કરી હતી.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી રાજકોટ.

# « ABM TRAVELS »

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Gawahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam
Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com

## યોગ પ્રાણ વિદ્યા
હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

**બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.**

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

૨૦+ વર્ષના અનુભવી

ધવલ ધોળકિયા
+૯૧-૯૯૦૪૪૦૪૬૪૫
www.ypvmeraki.com
+91-9484668989

મીના ધોળકિયા
+૯૧-૯૯૨૫૪૬૦૦૪૬
ypvmeraki@gmail.com

ypvmeraki

YPV Meraki


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**ખાસ નોંધ લેશો કે...** આ અંકથી બરછી પોસ્ટ / કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવેલ છે. છતાં આ મહિનામાં વધારે લવાજમ આવતાં હોવાથી મારી શરતચૂકથી રીન્યુ કરવામાં ભૂલ થઈ હોય અને અંક કુરિયરને બદલે પોસ્ટથી મળે કે પોસ્ટને બદલે કુરિયરથી મળે તો ગ્રાહક નંબર–સ્ક્રીનશોટ સાથે તુરત જાણ કરવા વિનંતી છે. જેથી આવતા માસથી તે મુજબ અંક મળતા થઈ શકે. હવે મેઈલીંગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરનો વિકલ્પ મુજબ રીન્યુ કરવાનો સુધારો થઈ જતાં બંનેની અલગ પ્રિન્ટ નીકળે છે, તેથી હવે પછી આ શરતચૂક–ભૂલને અવકાશ નહીં રહે.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.